


# તેડાને સંદર્ભે સમાધાન નહીં

આશિષ રાયચૂર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર ૨૦૦૫
સુધારેલી આવૃતિ: જાન્યુઆરી ૨૦૨૦

સંપર્ક:

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org
Website: apcwo.org

Unless otherwise indicate, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:

ઓલ પીપલ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારાઆશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:

જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

# તેડાને સંદર્ભે
# સમાધાન નહીં

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ 1

1. જગતની માયાજાળ ........ 3
2. બંધન જે બાંધે છે ........ 4
3. પ્રેમ જે મંદ પડી ગયો છે ........ 5
4. સ્વીકૃતિ માટેની તમન્ના ........ 6
5. માનવીય રીતે થતું કાર્ય ........ 7
6. ખૂબ મોટી કિંમત ........ 8
7. ભય – એક જીવલેણ શત્રુ ........ 10
8. નિર્ણય તમારો છે ........ 12

# પ્રસ્તાવના

આપણ દરેકને માટે ઈશ્વર પાસે ચોક્કસ યોજના છે. આપણામાના ઘણા બધા આ વાત પર વિશ્વાસ કરીએ છીએ અને સમજીએ છીએ કે આપણાં જીવનો સંદર્ભે ઈશ્વરનું તેડું એ તેની ચોક્કસ યોજના જ છે. બીજું, આપણે એ પણ જાણીએ છીએ કે આપણાં માટેની ઈશ્વરની યોજનાની પરિપૂર્ણતા સ્વયંચલિત નથી. બીજા શબ્દોમાં, આપણાં જીવનો સંદર્ભે ઈશ્વરની યોજના પરિપૂર્ણ થાય તે માટે આપણે ભાગ ભજવવાનો હોય છે. વ્યક્તિગત રીતે, આપણે ઈશ્વરને પૂરતો સહયોગ આપવો પડશે જેથી તેમની યોજનાઓ આપણામાં અને આપણાં દ્વારા પરિપૂર્ણ થાય.

આપણે એ સમજવાની જરૂર છે કે ઈશ્વરે આપણને શા માટે તેડું આપ્યું છે તેનું મહત્વ કે તીવ્રતા અગત્યના નથી પણ તેને પરિપૂર્ણ કરવું તે અગત્યનું છે. આપણ કેટલાકને "મોટા કામ" કરવા માટે તેડયા છે તો કેટલાકને "નાના કામ" કરવાને. "મોટું" કે "નાનું" એ માત્ર માણસની દ્રષ્ટિથી છે. પણ ઈશ્વરની દ્રષ્ટિમાં, "મોટું" કે "નાનું" એકસમાન રીતે મહત્વનાં છે. ઈશ્વર તો એ જોવા માટે આતુર છે કે જેમને "મોટા કામ" કરવા માટે અને જેમને "નાના કામ" કરવા માટે તેડયા છે તેઓ તેમના તેડાને પરિપૂર્ણ કરે. "મોટા" કામ અને "નાના કામ" પરસ્પર નિર્ભર છે અને એકબીજા પર આધારિત છે. જો કોઈ એક નિષ્ફળ જાય તો તે અન્યને અસર કરે છે. "મોટા" સુવાર્તિક કે જેઓ મોટા સમુદાયને સંબોધે છે તેઓ એક "નાના" ટેક્નિશિયન પર આધારીત છે કે જે સાઉન્ડ સિસ્ટમ યોગ્ય રીતે ગોઠવે છે. જો ટેક્નિશિયન તેનું કામ કરવામાં નિષ્ફળ જાય કે યોગ્ય રીતે ન કરી શકે તો શું થાય?

અલબત્ત, આપણે બધાં જ, "મોટું" કે "નાનું" કામ કરવાને તેડાયેલા છીએ, ઈશ્વરના તેડાને પૂર્ણ કરવા માટે પડકારોનો સામનો કરીએ છીએ. અને ત્યારે, શેતાન શત્રુ તૈયાર જ હોય છે કે જે ઈશ્વરના તેડાને અનુસરતા આપણાં માર્ગમાં અડચણો લાવે છે. આપણામાં કેટલાક કે જેઓએ ઉત્સાહ સાથે દૈવી તેડાને અનુસરવાનું શરૂ કર્યું હોય છે તેઓ સમાધાન કરી બેસીએ છીએ અને તેડાને અનુરૂપ કાર્ય કરવાનું પડતું મૂકીએ છીએ. આપણે અધવચ્ચે જ ક્યાંક અટકી જઈએ છીએ. આપણું ધ્યાન ભટકી જાય છે અને દેવના રાજ્યને અનુસરવાને બદલે, આપણી ક્ષમતાઓને સફળતા, સંપતિ અને વ્યક્તિગત આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવામાં ખર્ચવા લાગીએ

છીએ. આપણાંમાના કેટલાક આપણી દૈનિક બાબતોમાં એટલા બધાં વ્યસ્ત બની જઈએ છીએ કે સ્વર્ગીય તેડા પ્રતિ આપણી જવાબદારી પ્રત્યે બેદરકાર થઈ જઈએ છીએ. દેવનું વચન, સ્વપ્નો, અને પવિત્ર આત્મા દ્વારા આપવામાં આવેલ દર્શનો કોઈક ખૂણામાં ધકેલાઇ જાય છે. ક્યાં તો તેને ભૂલી જવામાં આવે છે અથવા અવિશ્વાસ કે ભયને લીધે હેતુપૂર્વક અવગણવામાં આવે છે. આ પુસ્તકનો હેતુ આપણને જગાડવાનો છે. તે આપણને કેટલીક કુયુક્તિઓ પ્રતિ સાવધાન કરે છે કે જેમાં આપણે ફસાઈ શકીએ તેમ છીએ અને ઈશ્વરે જે સારી લડાઈ લડીને સ્પર્ધા જીતી લેવાનો લક્ષ્યાંક આપણી સમક્ષ મૂક્યો છે તેમાં આપણે ઉણા ન ઉતરીએ.

# 1. જગતની માયાજાળ

પ્રેરિત પાઉલની સાથે ઘણા બધાં લોકો કામ કરતાં હતા કે સેવામાં તેની સાથે જોડાયેલાં હતા કે જેઓ વિષે તે તેના લખાણોમાં વર્ણન કરે છે. જેઓ પૈકી એક વ્યક્તિ વિષે પાઉલે ત્રણ અલગ અલગ જગ્યાએ લખ્યું છે. ફિલેમોનને લખેલા પત્ર(ફિલેમોન 1:24)માં પાઉલ દેમાસને પોતાનો "સાથી કાર્યકર" ગણાવે છે અને કોલોસીઓને લખેલા પત્ર(કોલોસી 4:14)માં સલામ પાઠવતા દેમાસનું નામ ઉમેરે છે. અલબત્ત, જ્યારે બીજીવાર, પાઉલ દેમાસ વિષે લખે છે, કે જે ઉલ્લેખ છેલ્લીવારનો છે, તે લખે છે, " કેમ કે દેમાસ હાલના જગત પર પ્રેમ રાખીને મને તજીને થેસ્સાલોનિકા જતો રહ્યો છે..." (2 જો તિમોથી 4:10). કલ્પના કરો કે જેણે ખભે ખભા મિલાવીને પ્રેરિત પાઉલ સાથે કામ કર્યું અને તેનો સાથી સેવક રહ્યો, જગતની બાબતોથી એવો છેતરાઈ ગયો ને સેવાને છોડી દીધી, અને પ્રભુના સેવક, પાઉલને, પોતાના તેડાને આગળ ધપાવવા એકલા જવું પડ્યું.

આપણે બધાએ આ જગતના આકર્ષણો અને સાંભળથી આપણાં હ્રદયોની રક્ષા કરવાની જરૂર છે. એકબાજુ, જીવન એટલું સરળ અને સુગમ બની જાય છે કે આપણે સ્વર્ગીય તેડાને ભૂલી જઈએ છીએ. તો બીજી બાજુ, મૂશ્કેલીઓ અને ચિંતાઓથી જીવન એટલું ભારરૂપ બની જાય છે કે પડકારોનો સામનો કરવામાં અને સફળ થવામાં વ્યસ્ત આપણે તેડાને નજરઅંદાજ કરીએ છીએ. ઇસુએ કહ્યું, "આ કાળની ચિંતાઓ તથા દોલતની માયા તથા બીજી વસ્તુઓનો લોભ તેઓમાં પ્રવેશ પામીને વાતને દાબી નાખે છે, ને તે નિષ્ફળ થાય છે" (માર્ક 4:19) જગતને-તેની સમસ્યાઓ કે સુખો-ને ઈશ્વરના વચનો કે જે તમારા જીવન માટે બોલાયેલા છે તેને લૂંટવા દેશો નહીં!

## 2. બંધન જે બાંધે છે

કુટુંબ અને મિત્રો હોવા અદભુત બાબત છે કે જેઓ આપણને પ્રેમ કરે છે અને સંભાળે છે, ક્યારેક આ બંધન જ આપણને બાંધી રાખે છે અને દૈવી તેડાને અનુસરતા રોકે છે. કેટલા બધા જુવાન ભાઈઓ અને બહેનોએ, પોતાનાં માતપિતાની ઇચ્છાઓ તૃપ્ત કરવાના આશયથી, દૈવી તેડા સાથે સમાધાન કર્યું છે અને જે બાબતો ઈશ્વરે તેમના માટે નિર્ધારિત કરી નથી તેને અનુસર્યા છે. લુકની લખેલી સુવાર્તામાં નીચે મુજબ નોંધવામાં આવ્યું છે: પણ તેણે બીજાને કહ્યું કે, "મારી પાછળ આવ." પણ તેણે તેને કહ્યું કે, "પ્રભુ, મને રજા આપ કે પહેલા હું જઈને મારા માબાપને દાટું." પણ તેણે તેને કહ્યું કે, "મૂએલાઓને પોતાનાં મૂએલાઓને દાટવા દે; પણ તું જઈને દેવના રાજ્યની વાત પ્રગટ કર." એક બીજાએ પણ તેને કહ્યું કે, "પ્રભુ, હું તારી પાછળ આવીશ; પણ પહેલવહેલા જેઓ મારે ઘેર છે તેઓને છેલ્લી સલામ કરી આવવાની મને રજા આપ." પણ ઇસુએ તેને કહયું કે, "કોઈ માણસ હળ પર હાથ દીધા પછી પછવાડે જુએ તો તે દેવનાં રાજ્યને યોગ્ય નથી" (લૂક 9:59-62).

ઇશ્વરી તેડાને પરિપૂર્ણ કરવા માટે કૌટુંબિક જવાબદારીઓથી ઉપર પ્રાધાન્ય આપવું પડે છે. આ બાબત કોઈ પ્રકારે પરવાનો નથી આપતું કે આપણે આપણાં પરિવારો પ્રતિ બેજવાબદાર બનીએ કે તેને અવગણીએ. આ તેઓ એક પ્રકારે પ્રાથમિકતા નક્કી કરવાની બાબત છે. જગતના કોઈ સબંધની પહેલા ઈશ્વર અને તેના રાજ્ય પ્રતિ આપણું સમર્પણ આવે છે. "જો કોઈ મારી પાસે આવે, અને પોતાનાં બાપનો, માનો, પત્નીનો, છોકરાનો, ભાઈઓનો, તથા બહેનોનો, હ, પોતાનાં જીવનો પણ દ્વેષ ન કરે, તો તે મારો શિષ્ય થઈ શકતો નથી" (લૂક 14:26) એવા કોઈ સબંધો કે મિત્રતાઓ છે કે જે આપણને ઇશ્વરી તેડાને અનુસરતા રોકે છે? કદાચ આપણે યોગ્ય રીતે શરૂઆત કરી હતી, પણ અજાણતા, જગતના કોઈ અન્ય સબંધો કરતાં ઇસુને આપણે ઊતરતી કક્ષાની પ્રાથમિકતા આપીએ છીએ. હવે બધુ સમુસૂતરું કરવાનો સમય પાકી ગયો છે!! દુન્યવી સબંધોને ભોગે આપણે ઇશ્વરી તેડાને પડતું મૂકી શકીએ નહીં.

# 3. પ્રેમ જે મંદ પડી ગયો છે

આજે ઈશ્વર માટેનો તમારો જુસ્સો કેટલો મજબૂત છે? તમે દેવનાં રાજ્ય અને તેની બાબતો માટે ઉત્સાહથી તરબતર છો? ઇસુ વિષે આ પરાણે લખાયેલું છે: “કેમ કે, તારા મંદિરનો ઉત્સાહ મને ખાઈ ગયો છે;...” (ગીતશાસ્ત્ર 69:9; યોહાન 2:17) શું ઈશ્વરની શોધ અને તેની સેવા એ સગવડ માત્ર છે નહીં કે પ્રાથમિકતા? શું તમે સમય મળે ત્યારે જ પ્રાર્થના કરો છો કે પ્રાર્થના કરવા માટે ચોક્કસ સમય ફાળવો છો? શું તમે દેવળમાં એટલા માટે જાવ છો કે જેથી ધાર્મિક રિતિરિવાજ પરિપૂર્ણ કરવા તમારા આત્માને તસલ્લી મળે કે એટલા માટે જાવ છો કે એમ કરવાથી તમને આનંદ મળે? ગીતશાસ્ત્ર લખનાર પોતાનાં હ્રદયની લાગણીઓ વ્યક્ત કરતાં લખે છે, “યહોવા પાસે મેં એક વરદાન માંગ્યું છે કે, યહોવાનું મંદિર મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત મારૂ નિવાસસ્થાન થાય, જેથી તેનાં સૌંદર્યનું અવલોકન કર્યા કરું, અને તેની પવિત્રતામાં તેનું ધ્યાન ધરું (ગીતશાસ્ત્ર 27:4) કે કદાચ, તમે એવું કહેતા હો કે તમે દેવને પ્રેમ કરો છો, પણ તે અગ્નિ જેટલો મજબૂત હોવો જોઈએ તેટલો નથી! એ પ્રેમ જે મંદ પડી ગયો તે એ જ કરશે જે સગવડભર્યું છે, નહીં કે તે જે આદેશ કરે છે. જો તમે જે સગવડભર્યું છે તે કરો છો અને જે આદેશાનુસાર છે તે નથી કરતાં, તો તમે ઈશ્વરના તેડાને ક્યારેય પરિપૂર્ણ કરી શકશો નહીં.

જો આપણે ઈશ્વરના તેડાને પરિપૂર્ણ કરવા માંગીએ છીએ તો આપણે આપણાં પૂરા હ્રદયથી, પૂરા જીવથી, પૂરી બુદ્ધિથી, અને પૂરા સામર્થ્યથી ઈશ્વરને પ્રેમ કરવો પડે (માર્ક 12:30). આપણાં પૂરા હ્રદયથી તેને શોધવા માટે આપણી જાતને જગાડવી પડે. ઈશ્વરને ઉત્તમ આપવા માટે આપણાથી બનતું બધુ જ કરી છૂટવું પડે.

# 4. સ્વીકૃતિ માટેની તમન્ના

આપણાં જીવન સબંધી દૈવી તેડાને અનુસરવાથી દરેક વ્યક્તિ આપણી કદર નહીં કરે, પ્રસંશા નહીં કરે કે વખાણ નહીં કરે. જો આપણે એવું ઇચ્છતા હોઈએ કે લોકો, આપણાં અંગત લોકો, ની દ્રષ્ટિમાં આપણો સ્વીકાર થાય તો આપણે હતાશ થવું પડશે. તો ઈશ્વર આપણામાં જે કરવા માંગે છે તે આપણે મુક્તપણે કરી શકીશું નહીં. આપણાં સ્વર્ગીય પિતાને રાજી કરવા એ જ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ઇસુએ કહ્યું, "તમે વિશ્વાસ શી રીતે કરી શકો? જો તમે એકબીજાથી માન પામો છો, પણ જે માન એકલા દેવથી છે તે તમે શોધતા નથી" (યોહાન 5:41,44) ઘણા બધા તેઓના જીવનમાં દૈવી તેડા પ્રતિ સમાધાન કરે છે કારણ કે તેઓ પોતાને એવી સ્થિતિમાં મૂકે છે કે જ્યાં તેઓએ લોકોને કે સંસ્થાને(મંડળીને) રાજી રાખવા પડે છે. તેથી જ્યારે ઈશ્વર તમને કઈક નવું કરવા, કઈક અલગ પ્રકારે કરવા, કઈક એવું કરવા કે લોકો જેને વિચિત્ર રીતે જુએ તેવું કરવા તેડે ત્યારે તેઓ આધીન થઈ શકતા નથી કે આગળ વધી શકતા નથી કેમ કે તેમને તિરસ્કૃત થવાનો ભય લાગે છે. અમે મૂર્ખતાની હિમાયત નથી કરતાં, કે જેને ઇશ્વરી લોકો પણ નકારી કાઢે કે જે આપણે કોઈને રાજી કરવા કરતાં હોઈએ. આપણે અહીં જે વાત કરવા માંગીએ છીએ તે એ છે કે મનુષ્યની પ્રસંશાની ઉપર ઈશ્વરની અધીનતાને રાખવાની જરૂર છે. આજે તમે ક્યાં છો? માણસોની દ્રષ્ટિમાં પ્રસંશા પ્રાપ્ત કરવાની ઇચ્છા વગર ઈશ્વરે તમને જે કોઈપણ કામ માટે તેડયા છે તે કરવા તમે સક્ષમ છો?

# 5. માનવીય રીતે થતું કાર્ય

આપણે સ્વર્ગમાંથી આપણાં જીવનના હેતુ સંદર્ભે માત્ર સાંભળીએ એટલું જ નહીં પરંતુ તે હેતુ પરિપૂર્ણ કરવા માટે ઈશ્વરના દિશા સૂચનોની પણ આપણને  જરૂર છે. આપણી જાતે ઘડી કાઢેલી પદ્ધતિઓ થકી આપણે સ્વર્ગીય તેડાને પરિપૂર્ણ ન શકીએ. તેડું અને તેને પરિપૂર્ણ કરવાની રીત, બંને ઈશ્વર તરફથી હોવા જોઈએ. પ્રેરિત પાઉલ લખે છે, "પણ દેવ જેણે મને મારા જન્મના દિવસથી જ જુદો કર્યો હતો, તથા પોતાની કૃપાથી મને બોલાવ્યો હતો તેને જ્યારે એ  પસંદ પડ્યું કે, પોતાના દીકરાને તે મારામાં પ્રગટ કરે, જેથી હું તેની સુવાર્તા વિદેશીઓમાં પ્રગટ કરું; ત્યારે તરત જ કોઈ પણ માણસની સલાહ પૂછ્યા વગર" (ગલાતી 1:15-16). ઇશ્વરી તેડાને પરિપૂર્ણ કરવા માટેની બાબતો જેમ કે યુક્તિઓ, પદ્ધતિઓ, યોજનાઓ અને વ્યૂહરચનાઓ જે ઈશ્વરે આપણાં હ્રદયમાં મૂકી છે તે છે કે આપણી પોતાની? શું તે સ્વર્ગમાથી આવે છે કે માણસના વિચારોમાથી? તેની પાછળનો આશય શું છે? આપણે આત્માને અનુસરીએ છીએ કે માણસને?

આપણે આપણી યુક્તિઓ પવિત્ર આત્માની આગેવાનીમાં આધીન કરવી જોઈએ. દેવની સેવા કરવાનો અને તેના રાજ્યને માટે કામ કરવાનો ઉત્સાહ હોવો જોઈએ, પણ તે પવિત્ર આત્માની અધીનતામાં થવું જોઈએ. બીજાઓ "જાય" છે કે બીજા કોઈએ "જવા" માટે કહ્યું છે માટે "જઈએ" છીએ તેવું ન બનવું જોઈએ. આપણે "જવું" જોઈએ કેમ કે ઈશ્વર આપણને મોકલે છે અને તે જ્યાં મોકલે છે ત્યાં જવું જોઈએ. દરેક ડગલે, દેવની નેતાગીરીને અનુસરવું તે તેડાને પરિપૂર્ણ કરવાની ચાવી છે.

# 6. ખૂબ મોટી કિંમત

દેવનું તેડું મૂલ્ય ચૂકવ્યા વિના શક્ય નથી. બલિદાનો આપવા પડે છે, પરીક્ષણો અને મૂશ્કેલીઓ વેઠવી પડે છે, જોખમ લેવા પડે છે, અને ઘણી બધી કિંમત ચૂકવવી પડે છે. ઇસુ તેમની પાછળ ચાલવાની કિંમત વિષે વાત કરે છે. તેમણે આપણને મૂલ્ય ગણવા કહ્યું છે.

**લૂક 14:28-33**
**28 કેમ કે તમારામાં એવો કોણ છે જે બૂરજ બાંધવા ચાહે, પણ પહેલવહેલા બેસીને ખરચ નહીં ગણે કે તે પૂરો કરવા જેટલું મારી પાસે છે કે નહીં?**
**29 રખે ને પાયો નાખ્યાં પછી તે પૂરો કરી શકે નહીં; ત્યારે જેઓ જુએ તેઓ સર્વ તેની મશ્કરી કરવા લાગે,**
**30 અને કહે કે, આ માણસ બાંધવા લાગ્યો, પણ પૂરું કરી શક્યો નહીં.**
**31 અથવા કયો રાજા એવો છે કે જે બીજા રાજાની સાથે લડાઈ કરવા જતાં પહેલા બેસીને વિચાર નહીં કરે કે, જે વીસ હજાર [સૈનિકો] લઈને, મારી સામે આવે છે, તેની સામે હું દશ હજારથી થઈ શકીશ કે નહીં?**
**32 નહીં તો બીજો હજી ઘણે વેગળે છે, એટલામાં તે એલચીઓને મોકલીને સલાહની શરતો વિષે પૂછશે,**
**33 તે પ્રમાણે તમારામાંનો જે કોઈ પોતાની સર્વ વસ્તુઓની ત્યાગ કરતો નથી, તે મારો શિષ્ય થઈ શકતો નથી.**

ઇસુને અનુસરવાનું મૂલ્ય શું છે? સર્વસ્વ! ઈસુએ કહ્યું કે આપણે બધું જ ત્યજી દેવું પડશે. "ત્યજી દેવું" એટલે તે આપણી માલિકીનું ક્યારેય રહી ન શકે. જે આપણું છે તેની માલિકી ઈશ્વરની બની જાય છે અને તેનો ઉપયોગ ઈશ્વરની મરજીથી તે કહે તે મુજબ કરવો પડે છે. એ અગત્યનું નથી કે આપણું છે અને કેટલું છે. ઈશ્વર માટે આપણે તે ત્યજી દીધું છે કે નહીં? અથવા આપણાં જીવનની એવી બાબતો જેમ કે મિલકતો, યોજનાઓ, સ્વપ્નો, ઇચ્છાઓ, સબંધો, આદતો કે જેને ત્યજી દેવા, મૂકી દેવા, બાજુ પર કરી દેવા, ભૂલી જવા ઈશ્વર આપણને કહે છે, જે કરવું આપણાં માટે ઘણું મૂશ્કેલ હોય છે? તે મહત્વનુ છે. આપણાં નાણાંનો માલિક ઈશ્વર છે કે હજી આપણે જ છીએ? શું ઈશ્વરને અધિકાર છે કે આપણાં નાણાંનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે તે આપણને કહી શકે? શું આપણે તૈયાર છીએ કે ઈશ્વર આપણને કહે ત્યાં બીજ વાવીએ? એ અગત્યનું નથી કે આપણે કેટલું ત્યજી દઈએ છીએ, પણ હજી આપણે કેટલું ત્યજયું નથી તે નક્કી કરે છે કે આપણે ઈશ્વરના તેડાને અનુસરી છીએ કે નહીં. ઘણાંઓએ

પુષ્કળ ત્યજી દીધું છું, પણ હજી કેટલીક થોડી બાબતો છે જે ત્યજી નથી તે આપણાં જીવાનોમાં ઈશ્વરના તેડાને અનુસરતા અને તેના રાજયમાં પ્રવેશ કરતાં આપણને અટકાવે છે. જે કેટલીક થોડી બાબતો ત્યજી દેવાની બાકી છે તે ઘણું બધું ત્યજી દીધેલાં કરતાં વધુ કિંમતી છે. અને ઈશ્વર તો તે જ માંગે છે! શું તે કિંમત ઘણી મોટી છે? યાદ રાખીએ કે આપણાં જીવનો પર પિતાના પુરષ્કારોની મોહર ખૂબ જ મોટી છે! શું તમારા જીવાનોમાં દૈવી તેડાને પરિપૂર્ણ કરવા કિંમત ચૂકવશો?

## 7. ભય – એક જીવલેણ શત્રુ

ઘણાં બધા લોકો ભયને કારણે દૈવી તેડા સાથે સમાધાન કરે છે—નિષ્ફળતાનો ભય, સારા ભવિષ્યનો ભય, અછતનો ભય, અને માણસનો ભય. તેઓ આગળ આવીને ઈશ્વરના તેડાને આધીન થતા નથી કારણ કે ભય તેઓને બાંધી રાખે છે. કેટલાક વિચારતા હશે, "ઈશ્વર ચાહે છે હું કોઈ ચોક્કસ જગ્યાએ જઈને મંડળીની સ્થાપના કરું, પણ જો હું નિષ્ફળ જવું તો? મંડળી ક્યારેય વૃદ્ધિ જ ન પામે તો શું? નિષ્ફળતાનો આ ભય તેમણે આગળ વધતાં અટકાવે છે. આપણે મનમાં એક વાત યાદ રાખવાની છે કે એ દેવ છે જે આપણને વિજય અપાવે છે (2જો કરીન્થી 2:14) જેથી આપનો આધાર દેવ પર મૂકવાનો છે. ઈશ્વરના દ્રષ્ટિકોણથી સફળતા કે નિષ્ફળતાનું અવલોકન કરવાનું છે. સફળતા અને દેવે આપણને જે આદેશ આપ્યા છે તેની પરિપૂર્ણતા એ દેવની ઇચ્છાને આધીન છે. તે આંકડાઓમાં નથી, સિદ્ધિઓમાં નથી કે ખ્યાતિમાં નથી.

કેટલાક સારા ભવિષ્યના ભયથી બંધાયેલા છે. તેઓ વિચારે છે, દેવ મને જે કરવા માટે કહે છે તે હું હમણાં કરું, પણ પછી શું? તેઓ ભયભીત છે કેમ કે તેઓ ભવિષ્ય જોઈ શકતા નથી. ઈશ્વર આપણને બધું જ એક જ સમયે બતાવતા નથી. દેવ આપણને એક સમયે એક ડગલાં માટે દોરે છે. ઈશ્વર શરૂઆતથી અંત સુધી બધું જ જાણે છે. તેઓ એ પણ જાણે છે કે હવે પછી શું? જીવનની આ સાંપ્રત યાત્રા દરમ્યાન, આપણે ઈશ્વર પર વિશ્વાસ રાખવાની અને તે કહે તે મુજબ કરવાની જરૂર છે. યોજના બનાવવી એ મહત્વનુ છે, પણ ઈશ્વર પર ભરોસો રાખવો એથી પણ વધુ મહત્વનુ છે. ક્યારેક દેવના વચનો અને અને દિશા સૂચનો આપણે વિચારેલી યોજનામાં બંધબેસતા ન હોય તેવું બને. તેમ છતાં, આપણે ઈશ્વરની આજ્ઞા માનવી જ રહી!

કેટલાક અછતના ભયથી બંધાયેલા હોય છે. તેઓને ભય લાગે છે કે જો તેઓ ઈશ્વરના તેડાને અનુરૂપ કાર્ય કરશે તો તેમની દૈનિક જરૂરિયાતો પૂરી નહીં થાય. ઇસુએ આપણને કહ્યું છે, "દેવ પર વિશ્વાસ રાખો" (માર્ક 11:22). દેવે પૂરું પાડવાનું વચન આપ્યું છે. દેવના વચનો દ્વારા એ ભયને તમારા હ્રદયોમાથી દૂર થઈ જવા દો!

બીજાઓ માણસના ભયથી બંધાયેલાં છે. તેઓ અન્ય લોકો દ્વારા ધાકધમકીથી ડરેલાં છે જેમ કે લોકો તેમની સતામણી કરશે કે ક્યારેક બીજી સેવા સંસ્થાઓ દ્વારા તેમની પજવણી થશે. બાઇબલ કહે છે, "માણસની બીક ફાંદારૂપ છે; પણ જે કોઈ યહોવા ભરોસો રાખે છે તે સહીસલામત રહેશે" (નીતિવચન 29:25). દેવ પર વિશ્વાસ કરવાથી, તમે, તમને અટકાવી રાખનાર ભયથી આગળ વધી શકો છો. યાદ રાખીએ કે જ્યારે યહોશુઆ આગેવાની સ્વીકારે છે ત્યારે ઈશ્વર તેને કહે છે કે, શું મેં તને આજ્ઞા આપી નથી? બળવાન તથા હિંમતવાન થા; ભયભીત ન થા, ને ગભરાતો મા; કારણ કે જ્યાં કઈ તું જાય છે, ત્યાં તારો દેવ યહોવા તારી સાથે છે" (યાહોશુઆ 1:9). ઈશ્વરમાં હિંમતવાન થા. દેવ પરનો તમારો વિશ્વાસ તેના તેડાને અનુસરવા તમને સઘળા ભયથી મુક્ત કરો!!

# 8. નિર્ણય તમારો છે

દેવની સાથે ચાલવાની પ્રક્રિયામાં, આપણાં હ્રદયોમાં ઈશ્વરને શોધી શકીએ અને તેની ઇચ્છા પ્રમાણે કરી શકીએ તે એક અદભૂત બાબત છે. આપણે પસ્તાવો કરીને બદલાણ પામી શકીએ છીએ. આપણે આપણી ઈશ્વર સાથેની યાત્રાને આગળ વધારી શકીએ છીએ. હકીકતમાં, આપણે એ જ કરવું જોઈએ. પરંતુ, જો આપણે ખોટી પસંદગી કરી હોય અને સમાધાન કર્યું હોય, મૂસીબતમાં આવી પડ્યાં હોય, તો ઈશ્વર આપણને તેમાથી બહાર કાઢી શકે છે. ગીતશાસ્ત્રી કહે છે, “તેણે મને નાશનાં ખાડામાથી તથા ચીકણાં કાદવમાથી ખેંચી કાઢ્યો; તેણે મારા પગ ખડક પર ગોઠવ્યા, અને મારા ડગલાં સ્થિર કર્યાં” (ગીતશાસ્ત્ર 40:2). મહત્વની બાબત તો એ છે કે આપણાં જીવાનોની તપાસ કરવાની છે અને જરૂરી બદલાણ લાવવા માટે ઈશ્વરના સામર્થ્યને પ્રાપ્ત કરવાનું છે.

શું તમે તમારા તેડાની સાથે સમાધાન કર્યું છે? શું તમે તમારા પૂરા હ્રદયથી દૈવી તેડાને અનુસરી રહ્યાં છો? તમારા જીવન સંદર્ભે ઇશ્વરી તેડાને પૂર્ણ રીતે સંરેખિત કરવા માટે કયા પ્રકારના બદલાણોની જરૂર અનુભવો છો?

પસંદગી આપણી છે. આપણે બદલાણ પામીને સાધારણ જીવન જીવી શકીએ છીએ, પણ પૂર્ણ હ્રદયથી ઇશ્વરી તેડાને અનુસરતા નથી. આપણે સ્વર્ગમાં જઈએ, પણ આપણી સાથે અનંતકાળીક જીવનમાં લઈ જઇ શકીએ તેવું ફળ નહીં હોય. બીજી તરફ, આપણાં જીવન માટે ઇશ્વરી તેડાને પામવા અને તેને પરિપૂર્ણ કરવા આપણે જરૂરી બધું જ કરી શકીએ તેમ છીએ. પૃથ્વી પર ભલે આપણે મૂર્ખાઓ જેવા દેખાઈએ. અલબત્ત, જ્યારે આપણે સ્વર્ગમાં જઈએ અને આપણાં કામોને આગથી તપાસવામાં આવે, ત્યારે આપણી પાસે અનંતકાળ સુધી ટકે તેવું ફળ હોય. પ્રેરિત પાઉલ તિમોથીને સલાહ આપતા કહે છે, “જેને શરમાવાનું કઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવનાર, અને દેવને પસંદ પડે તેવો સેવક થવાને પ્રયત્ન કર” (૨જો તિમોથી 2:15). દેવને માન્ય હોય અને શરમાય નહીં તેવા સેવક બનવા માટે આપણે કેટલાક પ્રયત્નો કરવા પડશે. ઇશ્વરી તેડાને પરિપૂર્ણ કરવા માટે

આપની જાતોને તૈયાર કરવા માટે સમય અને પ્રયત્નોની જરૂરિયાત છે. બલિદાનો અને પડકારો નક્કી છે. પરંતુ, આપણે આપણાં તરફથી ઉત્તમ કરવું જ રહ્યુ.

આ છેલ્લા સમયમાં, ઈશ્વરને એવા ભાઈઓ અને બહેનોની જરૂર છે જે તેડાને સતપ્રતિસત સ્વાર્પિત હોય. ઈશ્વરને એવા લોકોની જરૂર છે કે જેઓ પૂર્ણ રીતે તેમને જ સમર્પિત હોય-લોકો કે જેઓ તેડા સંદર્ભે સમાધાન ન કરે.

અમે તમને પ્રેરિત પાઉલના વચનો દ્વારા ઉત્તેજન આપવા માંગીએ છીએ:

**ફિલિપી 3:12-14**
**12 હજી સુધી હું બધું સંપાદન કરી ચૂક્યો કે સંપૂર્ણ થયો છું એમ નહીં; પણ જેને સારૂ ખ્રિસ્ત ઇસુએ મને પકડી લીધો, તેને હું પકડી લઉં, માટે હું આગળ ધસુ છું.**
**13 ભાઈઓ, મેં પકડી લીધું છે એમ હું ગણાતો નથી; પણ એક કામ હું કરૂ  છું, એટલે કે જે પછવાડે છે તેને વીસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને,**
**14 ખ્રિસ્ત ઇસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસું છું.**

જેમ ઇસુએ તમને પકડી લીધાં છે તેમ તેને પકડી રાખવા માટે આગળ ધસવાનું ચાલુ રાખો. નિશાન તરફ આગળ ધસતાં જ રહો. તમારા સ્વર્ગીય તેડા પ્રતિ આગળ ધસતાં રહો. કેટલાક પ્રયાસોની જરૂર પડશે, પરતું તે વ્યાજબી છે. તમારા જીવન સંદર્ભે ઇશ્વરી તેડા પ્રતિ સમાધાન ન કરશો!!

# લ પીપલ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહબાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ “ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર” ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church
Account Number: 0057213809
IFSC Code: CITI0000004
Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

વિશેષ નોધ: ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો. આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત  કરે!

## **FREE PUBLICATIONS**

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling*
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don't Take Them
Open Heavens*
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/books. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.
*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ apcwo.org/sermons. દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ ચર્ચ વિષે

ઓલ પીપલ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચનને કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરોન્થી ૨:૪-૫; હિબ્રુ ૨:૩-૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા ઇસુ શરીરમાં ઈશ્વર હોવાને કારણે, તેમણે જે કહ્યુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે બતાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ.

પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઈ શકીએ

છીએ. બાઇબલ કહે છે, "પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે" (રોમન ૬:૨૩). ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.
પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

**"....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે"** (પ્રે.કૃ. ૧૦:૪૩).

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ"** (રોમન ૧૦:૯).

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત*

*ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે  સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*

*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ ચર્ચ
## બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય એડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:00 વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:00 થી ૫:00 દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે.

કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી apcbiblecollege.org ની મુલાકાત લેશો.

APC-BC National Association for Theological Accreditation (NATA) દ્વારા પ્રમાણિત છે.

APC-BC is accredited
by the Nations Association for
Theological Accreditation (NATA).

ભલે તમને “મોટું કામ” કે “નાનું કામ” કરવા માટે તેડવામાં આવ્યા હોય, ઈશ્વરના તેડાને અનુસરતા તમારે પડકારોનો સામનો કરવો પડશે. આ પુસ્તકનો હેતુ તમને જગાડવાનો છે. તે તમને કેટલીક કુયુક્તિઓ પ્રતિ સાવધાન કરે છે કે જેમાં તમે ફસાઈ શકો તેમ છો અને ઈશ્વરે જે સારી લડાઈ લડીને સ્પર્ધા જીતી લેવાનો લક્ષ્યાંક તમારી સમક્ષ મૂક્યો છે તેમાં તમે ઉણા ન ઉતરો.

આશિષ રાયચૂર

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org